# વિરામચિહ્નો

## વિરામચિહ્નો એટલે શું ?

"વિરામચિહ્ન એટલે લખાણ વાંચતા થોભવાની નિશાની."

વિરામચિહ્ન ઉકિતમાં અટકવાના સ્થાનો દર્શાવવા માટે તથા અર્થની દ્રષ્ટિએ વાક્યના ઘટકોનો જુદી જુદી જાતનો સંબંધ સૂચવવા માટે લેખનમાં જે ચિહ્ન વપરાય છે તેને " વિરામચિહ્ન " કહેવામાં આવે છે.

જેમ કે : "ચોરી કરવી નહીં, કરે તેને શિક્ષા થશે" તેના બદલે ખોટા વિરામચિહ્ન વડે "ચોરી કરવી, નહીં કરે તેને સજા થશે." આવો અનર્થ જોવા મળે છે.

આમ, ભાષા શુદ્ધિ માટે વિરામચિન્હોની તેના ઉપયોગની અનિવાર્યતા રહેલી છે.

વિરામ : વિસામો, અટકવું, આરામ. ચિહ્ન: નિશાની, સંકેત.

વાક્યમાં  આરોહ-અવરોહ લાવવા, અર્થની સ્પષ્ટતા લાવવા કે અટકવા માટે ઉપયોગમાં લેવાતાં સંકેતોને વિરામચિહ્નો કહેવામાં આવે છે.

ઘણા લાંબાં વાક્યો વચ્ચે મુકેલા વિરામચિહ્નોના ખોટા ઉપયોગથી ઘણીવાર અર્થનો અનર્થ પણ થઈ જાય છે. દરેક ભાષામાં વપરાતા વિરામચિહ્નોનું મહત્ત્વ વિશેષ હોય છે. ગુજરાતી ભાષામાં વપરાતાં વિરામચિહ્નો અને તેના ઉપયોગો નીચે છે.

વિરામચિહ્નનું કાર્ય નીચે મુજબ છે. આ વિરામચિહ્નોનાં મુખ્ય ચાર કાર્ય છે.

( ૧ ) સમાપન : વાકયાંતે  આવતાં આરોહ કે અવરોહ સૂચવતાં વિરામચિહ્નોનું કાર્ય 'સમાપન' દર્શાવવાનું છે. પૂર્ણવિરામ ( . ), પ્રશ્નાર્થચિહ્ન ( ? ), ઉદ્ગારચિહ્ન ( ! ) આદિ સમાપન દર્શાવે છે.

( ૨ ) ઉદ્ઘાટન : પ્રથમ વાકયાંશમાં જે વિગતો હોય તેનું વધુ વિવરણ, સ્પષ્ટતા કે પ્રકાર આદિ બાબતોનો બીજા વાકયાંશમાં નિર્દેશ થયો છે. તે સૂચવવા માટે ગુરુવિરામ ( : ), ગુરુરેખા ( – ) આદિ વિરામચિહ્ન પ્રયોજાય છે.

( ૩ ) વિભાજન : અર્થગ્રહણની સરળતા માટે શબ્દો, પદો, વાકયાંશોનું વિભાજન કરવા માટે અલ્પવિરામ ( , ), અર્ધવિરામ ( ; ), ગુરુરેખા ( – ), વિગ્રહરેખા ( - ) આદિ વિરામચિહ્નો પ્રયોજાય છે.

( ૪ ) સીમાંકન: જે શબ્દ, પદ, પદસમૂહ, વાકયાંશ કે ગૌણવાકયને વિશેષ રીતે દર્શાવતા હોય – Focus કરવા હોય તેમને જોડમાં પ્રયોજાયેલાં વિરામચિહ્નોની વચ્ચે મૂકવામાં આવે છે. વિશેષ બાબતોના આરંભ – અંતની સીમા દર્શાવતા હોવાથી આ વિરામચિહ્નો હંમેશાં જોડમાં વપરાય છે. – અવતરણ ચિહ્ન – એકવડા ( " ), બેવડા ( "" ).

આમ, ભાષામાં આપણે નીચેનાં વિરામચિહ્નોનો ઉપયોગ કરીએ છીએ. તમે આ ચિહ્નોનાં કાર્યથી પરિચિત છો. તેમ છતાં તે વિરામચિહ્નોનો ઉપયોગ જોઈ લઈએ.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો

## ( ૧ ) પૂર્ણવિરામ ( . ) :

જ્યારે સાદુ વાક્ય પૂરું થાય ત્યારે પૂર્ણવિરામ મૂકવામાં આવે છે.

સૌથી વધુ પ્રમાણમાં વપરાતું ચિન્હ પૂર્ણવિરામ છે. અન્ય વિરામચિન્હોને મુકાબલો આ વિરામચિન્હ વાપરવામાં લખનારને ઓછી મુશ્કેલી જણાય છે. આ વાક્યનો અંત સૂચવનારું ચિન્હ છે.

( અ ) વાક્ય પૂરું થતું હોય ત્યારે “પૂર્ણવિરામ" મુકાય છે.

ઉદાહરણ:

( ૧ ) આજે શુક્રવાર છે.

( ૨ ) આજે શાળામાં ગરબા રમવાના છે.

( ૩ ) રાધા સુંદર લાગે છે.

( બ ) વ્યાકરણની દ્રષ્ટિએ વાક્ય પૂરું થતું ન હોય પરંતુ વિચાર પૂરો થતો હોય ત્યારે આ ચિન્હ મુકાય.

( ૧ ) તમે ક્યાં જાવ છો ? શાળાએ.

( ૨ ) તમે મને ચોપડી આપશો ? નહીં.

( ક ) કોઈપણ આજ્ઞાર્થ વાક્ય પછી પૂર્ણવિરામ મુકાય છે.

ઉદાહરણ :

તમે ત્યાં જાવ.

બારી બંધ કરો.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો

## ( ૧ ) પૂર્ણવિરામ ( . ) :

( ડ ) શબ્દના સંક્ષિપ્ત / ટૂંકુરૂપ લખતી વખતે પૂર્ણવિરામ મુકાય છે.

ઉદાહરણ :
એ.વ.: એકવચન
ચિ.: ચિરંજીવી
તા. ક. : તાજા કલમ
દા. ત. : દાખલા તરીકે
વિ.સં.: વિક્રમ સંવત
અ.સૌ. : અખંડ સૌભાગ્યવતી
પ. પૂ. : પરમ પૂજ્ય

( ઇ ) ક્રમ દર્શાવતો શબ્દ કે અંક જ્યારે કૌંસમાં ન આપેલો હોય ત્યારે પૂર્ણવિરામ મુકાય છે.

ઉદાહરણ :
7. અ. ( 7 )
1. 4. ( 1 )
3. 5. ( 3 )

( ઈ ) વાક્ય પૂરું ન થાય ત્યારે ક્યારેય પૂર્ણવિરામ ન મૂકવું.

ઉદાહરણ :
હું તમારી સાથે
તમે અમારા ઘરે
હું આજે સવારમાં





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

## ( ૨ ) અલ્પવિરામ ( , ) :

વાક્યમાં જ્યાં સહજ અટકવું પડે ત્યાં અલ્પવિરામ મુકાય છે. આ અલ્પવિરામ વધારે વપરાતું ચિહ્ન છે.

લખાણમાં શબ્દો, શબ્દગુચ્છો, વાકયખંડો કે પેટાવાકયોનું વિભાજન સૂચવે છે.

( ૧ ) વાક્યના પ્રારંભે સંબોધન પછી આ ચિહ્ન મુકાય છે.

ઉદાહરણ :
રાધા, મહેમાનો માટે પાણી લાવજે.
પપ્પા, આજે એક વાર્તા કહેશો ?

( ૨ ) વાક્યમાં ઘણાં નામ, વિશેષણ, અવ્યય કે ક્રિયાપદ અથવા ઉભયાન્વયી અવ્યય એક સાથે આવે ત્યારે "અલ્પવિરામ" મુકવામાં આવે છે.

ઉ.દા. :
નર્મદા, તાપી, સાબરમતી અને મહી ગુજરાતની મુખ્ય નદીઓ છે.
ઉમાશંકરની કવિતા મૌલિક, રસાન્વિત અને સરળ છે.

( ૩ ) પત્રલેખનમાં પ્રતિ પછી, સંબોધન પછી અને અંતમાં વિદાયવચન પછી અલ્પવિરામ મુકાય છે.

ઉ.દા.: પ્રતિ, આર્ચાયશ્રી,
પૂજ્ય ગુરુજી,
આપનો વિદ્યાર્થી,

( ૪ ) સરનામું લખતી વખતે સરનામું પૂરું ન થાય ત્યાં સુધી ખંડ પ્રમાણે અલ્પવિરામ મુકાય છે.

દિનેશ ચૌહાણ
ઘર નં.૧૦૧૧, મહેશ્વરી પાર્લર, વિશ્વકર્મા સોસાયટી, ધાનેરા, બનાસકાંઠા.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો

## ( ૨ ) અલ્પવિરામ ( , ) :

( ૫ ) સંબોધન વાક્યની વચ્ચે આવ્યું હોય ત્યારે સંબોધનની પહેલા અને પછી આ ચિહ્ન મુકાય છે.

મારી મદદે આવો, પાર્થ, હું નાપાસ થઈશ !
તમને બોલાવું છું, ધનાભાઈ, સાંભળો છો ને ?

( ૬ ) કેટલાક વર્ણનાત્મક શબ્દો પછી આ ચિહ્ન મુકાય છે.

જેમ કે, ટૂંકમાં, એટલે કે, ઉદાહરણ તરીકે, સારાંશ કે, મતલબ કે, ખરેખર, દાખલા તરીકે,

ટૂંકમાં, સત્યનો હંમેશાં જય થાય છે.
સંક્ષેપમાં, રાજવી પુરુષ.
એટલે કે, તેઓને ખ્યાલ આવી ગયો.
જેમ કે, રામે મર્યાદા પાળી હતી.
દાખલા તરીકે, બે ને બે ચાર થાય.

( ૭ ) નીચેના શબ્દોની પહેલા આ ચિહ્ન મુકાય છે.

કારણ કે, પણ, છતાં, કેમ કે, પરંતુ

ઉદાહરણ:
તે ઉભો થયો, પરંતુ બોલ્યો નહીં.
તેઓ આવ્યા હતા, પણ અત્યારે દેખાતા નથી.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

( ૮ ) સરખો દરજ્જો ધરાવતા વાકયખંડોને જુદાં બતાવવા માટે આ ચિહ્ન મુકાય છે.

ઉ. દા. : મુસ્કાન, નાની વાતમાં, ક્ષુલ્લક બાબતમાં ખોટી ગરમ થઈ જાય છે.

( ૯ ) પેટાં વાક્યોને અથવા ગૌણ વાકયોને જુદાં બતાવવા માટે આ ચિહ્ન મુકાય છે.

ઉ. દા. : ખેંચાયા વિના, કોઈના કહ્યા વિના, તે સીધો મૃણાલ ઊભી હતી ત્યાં આવ્યો.

( ૧૦ ) લાંબા વાક્યોમાં, વાક્યોને અલગ બતાવવા અલ્પવિરામ મુકાય છે.

ઉ. દા. : ગાંધીજી સાહસી હતા, હિંમતવાન હતા, નિષ્ઠાવાન હતા, કરુણાસભર હતા અને માનવતાવાદી પણ હતા.

( ૧૧ ) નીચેના કેવળપ્રયોગથી શબ્દો વાકયની શરૂઆતમાં આવે ત્યારે આ ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : હા, ના, કેમ, જી, કાં, અરે, અહો, હાજી
હા, 'સત્યના પ્રયોગો' દરેકે વાંચવું જોઈએ.
જી, આપ કહો તે પ્રમાણે જ થશે.
અહો, ખૂબ સુંદર લાગો છો ! અરે, શું વાત કરો છો !

( ૧૨ ) અવતરણ પહેલા અને અવતરણ પછી વાક્ય પૂરું ન થતું હોય તો તે પછી પણ, આ ચિહ્ન મુકાય છે.

ઉ. દા. - ગાંધીજીએ કહેલું, ‘સત્ય એ જ પરમેશ્વર'.

રવિશંકર મહારાજ કહેતા, ‘ભેગા મળીને જીવે તે ગામડાની સંસ્કૃતિ.”

( ૧૩ ) હિસાબમાં હજાર અને તેથી વિશેષ આંકડાની રકમ વાંચવી સરળ પડે તે માટે આ ચિહ્નનો ઉપયોગ થાય.

ઉ.દા. - ૧,૦૧,૧૬,૨૧૦

નોંધ : વર્ષ, ઘરનો નંબર, ટેલિફોન નંબર અને વાહનનો નંબર લખવામાં આ ચિહ્નનો ઉપયોગ થતો નથી.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :



## ( ૩ ) અર્ધવિરામ : ( ; )

વાક્યમાં જ્યાં અલ્પવિરામ કરતા વધારે અને પૂર્ણવિરામ કરતાં ઓછું અટકવાનું હોય ત્યાં અર્ધવિરામ મુકાય છે.

આ વિરામચિહ્ન માત્ર વાક્ય કે વિધાનના વિભાજનનું જ કામ કરે છે.

આ ચિહ્ન હંમેશાં વાકયની વચ્ચે જ આવે છે.

( ૧ ) શબ્દોનો અર્થ આપતી વખતે શબ્દકોશમાં બે પર્યાય શબ્દોને અલગ બતાવવા માટે અર્ધવિરામ મુકાય છે.

ઉદાહરણ : આશંકા = શંકા; વહેમ; શક
કીર્તિ = ખ્યાતિ; નામના;યશ

( ૨ ) સંયુક્ત વાક્યમાં સંયોજક ન હોય ત્યારે સંયોજકની જગ્યાએ અર્ધવિરામ મુકાય છે.

ઉદાહરણ : થોડું વાંચો; એટલામાં હું આવું છું.

( ૩ ) વાક્યમાંના વિધાનોને અલગ પાડવા, સહભાગી વાકયો ભારપૂર્વક રજૂ કરવા કે વાક્યો વચ્ચે જ્યારે સંયોજક ન વાપરવું હોય તેને અર્ધવિરામનું ચિહ્ન વપરાય છે.

ઉદાહરણ – જેવી મીટિંગ શરૂ થઈ ત્યાં જ કેટલાક પાણી પીવા ગયા; કેટલાક ચા પીવા ગયા; કોઈક ગયેલાને બોલાવવા ગયા; બિચારા વક્તાએ મંચ પર તપ કર્યું !

( ૪ ) સહભાગી કાવ્યપંક્તિઓની  વચ્ચે આ ચિહ્ન મુકાય છે.

ઉદાહરણ : સખી આજની ઘડી રળિયામણી;
મારો વહલોજી આવ્યાની વધામણી જી રે.

( ૫ ) શબ્દકોશમાં બે પર્યાય શબ્દોની વચ્ચે અર્ધવિરામ મુકાય છે.



ઉદાહરણ : આફરીન = ખુશ; ફિદા



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૪ ) ગુરુવિરામ : ( : )

આ ચિહ્નનું પ્રાથમિક કાર્ય હવે પછી લખાણમાં જે આવી રહ્યું છે. તે પ્રત્યે વાચકને સાવધાન કરવાનું છે.

અર્ધવિરામથી કંઈક વિશેષ સમય અટકવાનું હોય, ત્યાં આ ચિહ્ન મુકાય છે.

( ૧ ) નાટકમાં પાત્રના નામ પછી એની ઉક્તિ ચાલુ થાય એ પહેલા ગુરુવિરામ મુકાય છે. સંવાદમાં પણ ઉક્તિ પહેલા મુકાય છે.

ઉ.દા. : રામ : ભાઈ લક્ષ્મણ, ધીરજ રાખ.

પરી : હું તો દિલીન પાસે જાઉં છું.

( ૨ ) કોઈવસ્તુ-પદાર્થની યાદી આપવી હોય, ગણતરી કરવી હોય કે વર્ણન કરવું હોય ત્યારે આ ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : પદાર્થના સ્વરૂપો ત્રણ છે : ઘન, પ્રવાહી અને વાયુ

વેદ ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ

( ૩ ) અવતરણ પહેલા પ્રસ્તાવના રૂપ વાકયખંડ હોય ત્યારે વચ્ચે આ ચિહ્ન પ્રયોજાય છે.

ઉ.દા. : ગુલામીની અવસ્થાને ધિક્કારતા નર્મદ ઉદ્ગારે છે : 'સ્વતંત્રતા જળ હલકાં મીઠાં હાસ્યના ભારી ચરકાં.'.

( ૪ ) વિષયની પ્રસ્તાવના કરવાની હોય ત્યારે આ ચિહ્નનો ઉપયોગ થાય છે.

ઉ.દા. : -નરસિંહના બે પદો અવલોકીએ : 'અખિલ બ્રહ્માંડમાં અને વૈષ્ણવજન'

( ૫ ) કોઈ વાક્યમાં એક વિધાન થયું હોય અને તેમાં વધારારૂપે કે તેના ટેકામાં બીજું વિધાન કહેવું હોય ત્યારે ગુરુવિરામ મુકાય છે.

ઉ.દા. : સિંહની સામે બે દેહ પડયા : એક પશુ દેહધારી અને એક માનવદેહધારી.

( ૬ ) એક વાક્યખંડને બીજા નામના પર્યાયરૂપે દર્શાવવા માટે પણ ગુરુવિરામ મુકાય છે.

ઉ.દા. : સૌની પ્રિય ઋતુ : વર્ષાઋતુ.

( ૭ ) કોઈના બોલેલા શબ્દો રજૂ કરવા વકતાના વક્તવ્ય પહેલા ગુરુવિરામ મુકાય છે.

ઉ.દા. : પાર્થ : શીવાંશ, તું ક્યાં ગયો હતો ?

( ૮ ) મૂળ ક્રમાંક અને પેટા ક્રમાંક અલગ દર્શાવવા માટે આ ચિહ્ન વપરાય છે.

( ૧ : ૧૧ ) પ્રથમ અધ્યાય અને પછી શ્લોકનો આંકડો દર્શાવ્યો છે.
( ૪ : ૧૦ ) પ્રથમ ક્ષમતા અને પછી ક્ષમતા વિધાન દર્શાવ્યું છે.



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૫ ) પ્રશ્નવિરામ : ( ? )

( ૧ ) કોને, ક્યારે, શું, ક્યાં, શાથી, શા માટે જેવાં પ્રશ્નસૂચક શબ્દ વપરાયાં હોય એ વાક્યમાં પ્રશ્નાર્થચિહ્ન આવે જ છે, પણ એવા શબ્દો ન વપરાયાં હોય છતાં પ્રશ્નનો ભાવ સ્પષ્ટ થતો હોય તો પણ પ્રશ્નાર્થચિહ્ન મૂકાય છે.

ઉ.દા. : પરીએ પૂછ્યું, તમે કાલે કયા ગયા હતા ?

( ૨ ) સંપૂર્ણ વિચાર પ્રશ્નરૂપનો હોય ત્યારે પ્રશ્નાર્થચિહ્ન આવે છે.

ઉ.દા. : તમને કડવું ભાવે છે ?
તમે આજે મારા ઘેર આવશો ?

( ૩ ) વિવેક દર્શાવવા માટે કેટલાક વાક્યોને અંતે આ ચિન્હ મુકાય છે.

ઉ.દા. : તમારી પેન મને આપશો ?

( ૪ ) શંકા દર્શાવવામાં આવે ત્યારે વચ્ચે પ્રશ્નાર્થચિહ્ન મૂકાય છે.

ઉ.દા. : હું તમને ધાનેરામાં (?) મળ્યો હતો. (ધાનેરામાં કે બીજે )

( ૫ ) મિશ્રવાક્યમાં પ્રશ્ન હોય અને બંને વાક્યોને જોડનાર સંયોજક હોય તો પ્રશ્નનો ભાવ રહેલો હોવા છતાં પ્રશ્નાર્થચિહ્ન મુકાતું નથી.

ઉ.દા. : દેવાંશીએ પૂછ્યું કે તમે બહાર જવાનાં છો.

( ૬ ) મિશ્રવાક્યમાં પ્રશ્ન હોય અને બંને વાક્યોને જોડનાર સંયોજક ન હોય તો પ્રશ્નાર્થ - ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : પરીએ પૂછ્યું : તમે બહાર જવાનાં છો ?



ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :



## ( ૬ ) આશ્ચર્યચિહ્ન / ઉદગાર ચિહ્ન ( ! )

સાધારણ રીતે આ વિરામચિહ્ન સમાપનનું છે અને વાક્યવિરામ માટે વપરાય છે; પરંતુ અમુક પ્રકારના લાગણી બતાવનાર શબ્દ કે શબ્દગુચ્છો પછી પણ વપરાય છે.

આ ચિહ્નને 'ફુલાવેલા ટોપચાવાળું પૂર્ણવિરામ' કહેવાય છે.

સંબોધન પછી આ ચિહ્ન મુકાય છે.

( ૧ ) સામાન્ય રીતે સંબોધન પછી હવે અલ્પવિરામ મૂકવાનું વલણ જોવા મળે છે અને તે યોગ્ય જ છે, વિશેષ ભાવ દાખવવા આ ચિહ્ન મૂકવું જોઈએ.

ઉ.દા. : પરી ! તું આ વાત બરાબર સમજી લેજે.
સજ્જનો ! આ આપણી સંપત્તિ છે.

( ૨ ) આશ્ચર્ય, પ્રશંસા, ક્રોધ, ધિક્કાર કે હર્ષનો ઉદ્ગાર સૂચવવામાં આ ચિહ્ન વપરાય છે.

ઉ.દા. : શાબાશ ! તમે ખરેખર સરસ લખ્યું છે !

( ૩ ) પ્રશ્નાર્થ વાક્યનો જ્યારે ઉત્તર અપેક્ષિત ન હોય ત્યારે પ્રશ્નાર્થને સ્થાને આ ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : 'સંગીતના શોખીન લાગો છો' ! પ્રવીણલાલને ત્યાં વાજિંત્રો જોઈ પાર્થ બોલ્યો.

( ૪ ) ક્રોધ, ધિક્કાર, આશ્ચર્ય, દુ:ખ, અહોભાવ, પ્રશંસા, વિસ્મય જેવી લાગણીઓ દર્શાવવા માટે આ ચિહ્ન વપરાય છે.

ઉ.દા. : ચાલ ભાગ ! તત્કાલ અહીંથી નીકળી જા !
અહા ! શી રમણીય ગીરની વનઘટા !
આહ ! આ તો અસહ્ય વેદના !
હે મા ! તમારા પુત્રપ્રેમને વંદન !

( ૫ ) વાક્યમાં જ્યાં નવાઈ કે વિસ્મયનો ભાવ ઉત્પન્ન થતો હોય ત્યાં આ ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : વાહ ! બહુ સુંદર શણગાર છે !
શાબાશ ! તમે સુંદર વાત કરી !
હૈ ! શું વાત કરો છો !
ધિક્કાર છે તારા આવા હલકા વિચારોને!
અરરર ! બહુ વાગ્યું કહેવાય !
તે એકલો જતો રહ્યો! બાપ રે !
કાનના પડદા તોડી નાખે તેવો ધડાકો થયો !
તમારું કાર્ય ખરેખર અદ્ભુત છે !





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :



## ( ૭ ) ગુરુરેખા / મહારેખા ( – )

ગુરુરેખા ચાલુ વિચારધારામાં, કથનપ્રવાહમાં કોઈ વૈચારિક યા અન્ય કારણે અવરોધ યા વળાંક યા પલટો આવે તો તે સૂચવવા ગુરુરેખા વપરાય છે.

( ૧ ) પર્યાય દર્શાવવા આ ચિહ્ન વપરાય છે.

ઉ.દા. : પશ્ચિમનો સુધારો જડવાદી-પાર્થિવ છે.

( ૨ ) જુદા જુદા શબ્દો કે વિચાર એકસાથે બતાવવા, અનેકની ગણતરી પછી ઉપસંહાર (સમાપન) કરવા આ ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : રોટી, કપડા, મકાન – આ ત્રણ માણસની પ્રાથમિક જરૂરિયાત છે.
અન્ન, જળ અને વાયુ – આ ત્રણ આવશ્યક છે.

( ૩ ) આગળ કહેલી હકીકત વિગતમાં ફેરફાર કે ઉમેરો કરવા માટે ગુરુરેખા મુકાય છે.

ઉ.દા. : તમે તો આવજો જ – તમારા મિત્રને પણ લાવજો.

( ૪ ) કોઈ હકીકતની પ્રસ્તાવના કરવા  માટે ગુરુરેખા વપરાય છે.

ઉ.દા. : મને ખાવાં ગમે – દાળભાત અને લાડુશાક

( ૫ ) શબ્દો કે રૂઢિપ્રયોગોના અર્થ આપવા માટે ગુરુરેખા વપરાય છે.

ઉ.દા. : કીર્તિ - યશ ; નામના.
બારે મેઘ ખાંગા થવા - ખૂબ વરસાદ પડવો.

( ૬ ) સંવાદ, વગેરેમાં રજૂ થતો વિચાર ઈરાદાપૂર્વક અધવચ પડતો મુકાય ત્યારે ગુરુરેખા મૂકવામાં આવે છે.

ઉ.દા. : જો આજે તું તોફાન કરીશ તો પછી -

( ૭ ) વિચારમાં ફેરફાર દર્શાવવાનો હોય કે કહેતાં કહેતાં વચ્ચે કંઈ ઉમેરવાનું બને તો આવા ફેરફાર કે ઉમેરણની પહેલા અને પછી ગુરુરેખા મૂકવામાં આવે છે.

ઉ.દા. : ડિગ્રી પ્રાપ્ત કરે એ જ્ઞાની થઈ જાય છે એમ નથી – સમાજે એવું માની પણ લેવું જોઈએ નહી – મારો એ સ્પષ્ટ અભિપ્રાય છે.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૮ ) લઘુરેખા/વિગ્રહરેખા ( - )

( ૧ ) લખાણમાં એક લાઈન પૂરી થતા પૂરેપૂરો શબ્દ ન લખાય ત્યારે લઘુરેખા મુકવામાં આવે છે.

ઉ.દા. : તમે જ્યારે પણ અમારા ઘરે આવો ત્યારે તમે અમદાવાદથી નવાં કપ-ડાં લેતા આવશો.

( ૨ ) સામાસિક શબ્દોને છૂટા પાડવા માટે આ ચિહ્ન વપરાય છે.

ઉ.દા. : ચપટી -ચપટી, ભાઈ-બહેન, માતા - પિતા, આઠ - દસ

( ૩ ) નીચેના સંજોગોમાં શબ્દ / આંકડા તોડી શકાતા નથી.

ઉ.દા. :- વ્યક્તિનું નામ - વિશેષ નામ - માપના એકમ અને આંકડા

( ૪ ) સામાજિક શબ્દોનો વિગ્રહ કરતી વખતે લઘુરેખા મુકાય છે.

ઉ.દા. : મહાદેવ = મહા - દેવ, કુંભકાર = કુંભ - કાર

( ૫ ) કેટલાક શબ્દોની વચ્ચે એને જુદા પાડવા માટે લઘુરેખા વપરાય છે.

ઉ.દા. : રામ સીતા = રામ - સીતા, ભાઈ બહેન = ભાઈ - બહેન

( ૬ ) સંયુક્ત વાક્યમાં શબ્દો જોડવા - ઉમેરવા કે વિશેષ સ્પષ્ટતા લાવવા માટે લઘુરેખા મુકવામાં આવે છે.

ઉ.દા. : અશોક સિંહાસન - ત્રણ સિંહની આકૃતિવાળા આસન પર બેઠા.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૯ ) લોપ ચિહ્ન ( ' ) :

શબ્દમાં કોઈ અક્ષરનો લોપ થયો હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે. આ ચિહ્નને 'લોપક ચિહ્ન' પણ કહે છે.

વર્ણલોપ દર્શાવવા આ ચિહ્ન વપરાય છે. શબ્દોમાં જે વર્ણની શ્રાવ્યતા ઓછી હોય તેને માટે જ લોપચિહ્ન વપરાય છે.

ઉ.દા. : કો'ક હતું ( ઈ )
અ'વાદ ( મદા )
મે'માનો બધા જ આવી ગયા ( હ )

તારીખના લખાણ વખતે સાલ ચાર અંકોમાં ન દર્શાવતા આગળના બે અંકોનો લોપ કરીને માત્ર બે જ અક્ષરમાં દર્શાવીએ ત્યારે આ ચિહ્ન વપરાય છે.

ઉ.દા. : ૧૦ /૧૧ / '૧૦,
૨૬ /૦૧ / '૧૧

## ( ૧૦ ) તિર્યકચિહ્ન / તિર્યકકરેખા ( / ) :

તારીખ, મહિનો અને વર્ષ આંકડામાં લખવામાં આવે ત્યારે દરેક આંકડાને અલગ પાડવા માટે આ ચિહ્ન મૂકવામાં આવે છે.આ ચિહ્નનું મુખ્ય કામ વિભાજનનું છે.

ઉ.દા. : ૧૧ / ૦૬ /૨૦૦૯,
૦૧ /૧૦ /૨૦૨૪

જ્યારે બે-ત્રણ શબ્દો વિકલ્પરૂપે દર્શાવવાના હોય ત્યારે એવા શબ્દો વચ્ચે તિર્યક ચિહ્ન મૂકવામાં આવે છે.

ઉ.દા. : તમને રૂણી / ધાનેરા લઈ જવામાં આવશે.
તમને જમવાનું / રહેવાનું મળશે.

ક્યારેક અપૂર્ણાંક દર્શાવવામાં પણ આ ચિહ્નનો ઉપયોગ થાય છે.

ઉ.દા. : ૧ / ૪
૬ / ૨

સરકારી કચેરીઓના ક્રમાંકો દર્શાવવા માટે તેમની વચ્ચે વિભાગ સ્પષ્ટ કરવા માટે આ તિર્યકચિહ્ન વપરાય છે.

ઉ.દા. : ૧૧ / ૦૬
૧૦ / ૧૧
શિક્ષણ વિભાગ /પ્રાથમિક શિક્ષણ/ ૧૧/૦૬

માપ દર્શાવવામાં પણ આ ચિન્હનો ઉપયોગ થાય છે.

ઉ.દા. : ૧૦ કિ.મી./૧ કલાક
૯૦ રૂપિયા / ૧ લીટર





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૧૧ ) લઘુ કૌંસ : ( )

ગણિતમાં વપરાતા કૌંસ ભાષામાં પણ ખૂબ જ ઉપયોગી છે.

( ૧ ) ટીકાટિપ્પણ સ્વરૂપે વપરાયેલો શબ્દ કૌંસથી દર્શાવાય છે.

ઉ.દા. : હું કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના આવી શકું. (તમે ?)

( ૨ ) વિભાગ અને ક્રમસૂચક આંકડા અને અક્ષરો કૌંસમાં દર્શાવાય છે.

ઉ.દા. : ( ૧ ) ( ૨ )
( અ ) ( બ )

( ૩ ) અનુવાદ કે પર્યાયરૂપે લખાણ દર્શાવવા કૌંસ વપરાય છે.

ઉ.દા. : ઉમાશંકર જોષીનું ‘બારણે ટકોરા' પરાકાષ્ઠા (climax) પર અંત પામે છે.

( ૪ ) કૃતિ કે લખાણનું પ્રકાશન વર્ષ, પ્રસંગનું ઘટના વર્ષ, વ્યકિતનો જીવનકાળ વગેરે લઘુકૌંસમાં દર્શાવવામાં આવે છે.

ઉ.દા. : વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો હુમલો ( ૨૦૧૧ ) અમેરિકનોને કાયમ યાદ રહેશે.

( ૫ ) સ્પષ્ટતા કે સંદર્ભ દર્શાવતું લખાણ કે શબ્દ માટે કૌંસમાં દર્શાવાય છે.

ઉ.દા. : વિજયાદશમીને દિવસે તેમણે ( રામે ) રાવણનો વધ કર્યો.

( ૬ ) નાટકના સંવાદ સિવાયની સૂચનાઓ કૌંસમાં લખાય છે.

ઉ.દા. : રાજા : (તલવાર ખેંચીને) પ્રધાનજી
પ્રધાન : (વંદન કરીને) જી, મહારાજ





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

## ( ૧૨ ) ગુરુકૌંસ (ખૂણિયો) કૌંસ : [ ]

સ્પષ્ટતા, સમૂહ કે સમજૂતીદર્શક લખાણમાં વિશેષ સમજૂતી આપવાની થતી હોય તો આવું સમગ્ર લખાણ ગુરુ કૌંસમાં મૂકવામાં આવે છે.

ઉ.દા. : પ્રસ્તુત કેસમાં આ અધિનિયમ [ ગુજરાત સરકારી શિક્ષણ અધિનિયમ, (૧૯૮૫નો ગુજરાત અધિનિયમ-૦૬) ] ની જોગવાઈઓ લાગુ પાડી શકાશે.

શીર્ષકમાં વિભાગસૂચક આંકડા, અક્ષર વગેરે દર્શાવ્યા પછી નીચે પેટા-વિભાગ પાડીને પણ લખાણ આપવાનું હોય તો ગુરુ કૌંસ અને લઘુ કૌંસ બંને વપરાય છે.

ઉ.દા. : ક્રમ નં. [ ૧ ] ( ૧ ) ( ૨ )

( ક ) ( ખ )

## ( ૧૩ ) છગડિયો કૌંસ : { }

આ કૌંસનો ઉપયોગ શબ્દો કે વાકયોને સાંકળવા માટે કરવામાં આવે છે. એક જ બાબત એક સાથે અન્ય કેટલીક બાબતોને લાગુ પડતી હોય ત્યારે તેવી બાબતો સામે છગડિયો કૌંસ કરીને તેમને સમાનરૂપે લાગુ પડતી બાબત તરીકે નોંધવામાં આવે છે.

ઉદા. – રામ.
લક્ષ્મણ
ભરત
શત્રુઘ્ન } દશરથ રાજાના ચાર પુત્રો

આ ઉપરાંત ગણિતના દાખલામાં પણ આ કૌંસનો ઉપયોગ કરવામાં આવે છે.






ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૧૪ ) ખંડવર્ણ ચિહ્ન : ( ... )

કોઈ વાક્ય અધૂરૂ હોય ત્યારે અથવા કોઈ વાકયમાંથી શબ્દ કે શબ્દો કાઢી નાખ્યા હોય ત્યારે અને કોઈ નામનો ઉલ્લેખ ટાળવા તેમજ અપશબ્દ જણાતા તેને ટાળવા ખંડવર્ણ ચિહ્ન વપરાય છે.

વાચનાર આપોઆપ તેનો અર્થ સમજી જાય છે. બિનજરૂરી વાક્યખંડનો લોપ દર્શાવવો હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે.

વાકયમાં જ્યારે છેડે... મૂકવામાં આવે એનો અર્થ ગુજરાતી ભાષામાં એવો થાય છે કે વાક્ય વાંચનારે તેનો પૂરેપૂરો અર્થ સમજવાનો હોય છે.

ઉ.દા. : કહેવાનું તો ઘણું છે પણ અત્યારે ...
તમે ખૂબ સમજદાર...
આ ચિહ્નમાં ... ત્રણ ત્રણ ટપકાં મૂકવામાં આવે છે.

## ( ૧૫ ) એજન ચિહ્ન : ( " )

સમય અને મહેનત બચાવવા આ ચિહ્ન વપરાય છે. આ ચિહ્નનો અર્થ ‘અગાઉ કહ્યું / લખ્યું તે પ્રમાણે', 'અગાઉની જેમ જ' એવો થાય છે.

ઉપર મુજબ લખેલી વાત જ્યારે ફરીથી નીચે લખવાની હોય અને એ બાબત જ્યારે લખવી ન હોય ત્યારે આ ચિહ્ન મૂકાય છે.

ઉ.દા. : ચૌહાણ દિનેશ

" રાધા

" શિવાંશ

" દિલીન





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## ( ૧૬ ) અવતરણ ચિહ્ન : ( " ) ( " " )

કોઈના બોલેલા શબ્દો કે કોઈની કહેલી વાત જો તેના જ શબ્દોમાં રજૂ કરવી હોય તો અવતરચિહ્નનો ઉપયોગ થાય છે.

કેટલીક વાર મુખ્ય અવતરણમાં પેટા અવતરણ હોય છે. આવા સંજોગોમાં અવતરણને બેવડા " " અને પેટા અવતરણને એક વડા ' ' અવતરણથી અંકિત કરવામાં આવે છે.

અવતરણચિહ્નો હંમેશાં યુગલમાં જ વપરાય છે.

ઉ.દા. – ગાંધીજી કહે છે, ‘માનવી નહિ, પણ એનું ખરાબ આચરણ જ નિંદ્ય ગણાવું જોઈએ.’

ગ્રંથ, સામયિક કે કૃતિનું નામ, તખલ્લુસ, ઘર, ગાડી કે વિમાનનું નામ અથવા કોઈ મહત્ત્વના શબ્દ કે ઉક્તિ વાક્યમાં વપરાયેલ હોય ત્યારે અવતરણ ચિહ્નમાં મુકાય છે.

ઉ. દા. : ‘ભારતનું સંવિધાન', ' અનુભવ બિંદુ', 'માનવીની ભવાઈ', ' બાલસૃષ્ટિ' 'સુન્દરમ્', 'માતૃકૃપા', ' વિદ્યાધનમ્ '

કોઈના બોલાયેલા વચનો કે વાક્યો બેવડા અવતરણ ચિહ્નમાં મુકાય છે.

ઉ.દા. : પરીએ કહ્યું, " દિલીન ક્યાં જાય છે ? "

અવતરણચિહ્ન એકવડું કે બેવડું વાપરવું એ સંબંધી ચોક્કસ નિયમ નથી. જ્યાં બહાર એકવડું અવતરણ હોય ત્યાં અંદર બેવડું અને બહાર બેવડું હોય ત્યાં અંદર એકવડું અવતરણ વાપરવું.

અવતરણમાં પણ અવતરણ મુકવાનું હોય ત્યારે બેવડા અવતરણ ચિહ્નમાં એકવડુ અવતરણ ચિહ્ન મુકાય છે.

ઉ.દા. : " કુંવરબાઈનું મામેરુ કવિ 'પ્રેમાનંદ' નું ઉત્તમ આખ્યાન છે." તેવું નવલરામે કહ્યું છે.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

### ( ૧૭ ) કાકપદ ચિહ્ન : ( ^ )

લખાણમાં જ્યારે કોઈ શબ્દ કે અક્ષરો લખવાના રહી ગયા હોય ત્યારે આ ચિહ્ન મૂકી કે ખૂટતા અક્ષર કે શબ્દ લખવામાં આવે છે.

રાજધાની
ઉ.દા. : ગાંધીનગર ગુજરાતની ^ છે.

તો
તમે આવો ^ સારું.

### ( ૧૮ ) ફૂદડી ચિહ્ન : ( * )

કોઈ શબ્દ કે વિધાન વિશે કોઈ સ્પષ્ટતા કરવાની હોય ત્યારે તે જગ્યાએ તથા જે સ્પષ્ટતા કરાઈ હોય ત્યાં ફૂંદડી ચિહ્ન મુકાય છે.

આ ચિહ્નને તારક તરીકે પણ ઓળખવામાં આવે છે. લખાણમાં હવે તેનો ઉપયોગ પાદટીપ, આધાર ગ્રંથો વગેરેના નિર્દેશ માટે વપરાય છે.

ઉ.દા. : રામે અહલ્યાનો ઉદ્ધાર* કર્યો.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# વિરામચિહ્નો :

## નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. જ્યાં પૂરેપૂરું અટકવાનું હોય ત્યાં કયું ચિહ્ન મૂકાય છે ?

2. તમે જમવાનું રહેવાનું મળશે કયું ચિહ્ન આવશે ?

3. પરી મને પાણી આપ. કયું ચિહ્ન આવશે ?

4. તમે સાંજે ઘરે આવશો ? કયું ચિહ્ન આવશે ?

5. ગુરુ વિરામની નિશાની કઈ છે ?

6. પ્રશ્ન પૂછવા માટે કયું ચિહ્ન વપરાય છે ?

7. કોઈપણ શીર્ષક લખવા માટે કયું ચિહ્ન વપરાય છે ?

8. સંક્ષિપ્તરૂપ દર્શાવવા માટે કયું વિરામચિહ્ન વપરાય છે ?

9. સંયુક્ત વાક્યમાં સંયોજક ન હોય ત્યારે કયું વિરામચિહ્ન મૂકાય છે ?

10. વાહ ધન્ય છે તમારી હિંમતને ! કયું ચિન્હ આવશે ?





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892